# GMC-NAAC-PEER TEAM VISIT

26 & 27 July, 2024

# Arrival & Welcome





# Hon’ble Peer-Team Members



Dr. Saurabh Srivastav
Member-Coordinator



Dr. Bhushan Pathak
Member



Dr. Milind Pande
Chairperson

# Principal
# Dr Anupam Nagar's
# presentation








# Meeting with Departments

## English & Saptadhara




## Hindi & NSS



# Meeting with Departments

**Economics**




**Commerce**



# Meeting with Departments

## Gujarati




## NCC



# Interaction with Alumni





# Interaction with Parents






# Interaction with Students








# GMC-Anthem

# Interaction with IQAC






# Visit to Facilities





# Visit to Facilities & Exhibitions





# Visit to Facilities & Exhibitions





# Visit to Facilities & Exhibitions







# Visit to F N Lab.
# & Chart
# Exhibition





# Visit to Labs





# Visit to labs.





# Visit to Central Library





# Visit to Classrooms











# Visit to Other facilities







# Green Campus



# Visit to Shanti Kutir





# Visit to Campus facilities





# Cultural Programme







# Interaction with Teaching Staff





# Exit Meeting





# Departure



# Press Reports



પોરબંદર ખબર

## ગુરૂકુળ મહિલા કોલેજમાં નેક અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા

### કોલેજમાં વિદ્યાર્થીનીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કર્યો



આજકાલ

Dt. 30-07-2024

## ગુરૂકુળ મહિલા કોલેજના મુલ્યાંકન માટે નેકની ટીમે કરી કાર્યવાહી

આજકાલ

Dt. 30-07-2024

ગુરૂકુળ મહિલા કોલેજના મુલ્યાંકન માટે નેકની ટીમે કરી કાર્યવાહી

# Press Report



સિટી ખબર જગત 02 તા.૩૧-૦૭-૨૦૨૨, બુધવાર khabarporbandar@gmail.com

# ગુરૂકુળ મહિલા કોલેજમાં નેક અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા

## ઈન્ટરનલ ક્વોલીટી એશ્યોરન્સ સેલ અન્વયે વાલી-વિદ્યાર્થી મિટીંગ અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું સફળતા પૂર્વક આયોજન

**ખબરપત્રી**
**પોરબંદર**

ગુરુકુળ મહિલા કોલેજમાં નેક અંતર્ગત આઈ.ક્યુ.એ.સી., એલ્યુમના, પેરેન્ટ્સ, સ્ટુડન્ટ્સ મીટ તેમજ કલ્ચરલ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. તાજેતરમાં નેક પીયર ટીમે ગુરૂકુળ મહિલા કોલેજની મુલાકાત કરી વર્ષ દરમિયાન યોજાતી વિવિધ પ્રવૃત્તિઓ અંગે વિસ્તૃત માહિતી મેળવી હતી.

આઈ.ક્યુ.એ.સી. એટલે કે ઇન્ટર્નલ ક્વોલિટી એશ્યોરન્સ સેલ કે જે નેકનું અભિન્ન અને મહત્વનું અંગ છે, જે સંસ્થાની આંતરિક ગુણવત્તા વધારવા માટેના સક્ષમ પ્રયાસો કરે છે. નેક ટીમના સૂચન અનુસાર આઈ.ક્યુ.એ.સી. દરેક કોલેજમાં કાર્યરત રહેવું જોઈએ તે મુજબ ગુરુકુળ મહિલા કોલેજની આઈ.ક્યુ.એ.સી. ખૂબ પ્રશંશનિય કામગીરી કરે છે. ગુરૂકુળ મહિલા કોલેજમાં આઈ.ક્યુ.એ.સી. વર્ષમાં બે વખત ટર્મ એન્ડ મીટીંગ સમયે અને અન્ય કાર્યક્રમ વખતે પણ હાજર હોય છે, જે ખૂબ નોંધપાત્ર બાબત છે. ગુરુકુળ મહિલા કોલેજની આઈ.ક્યુ.એ.સી. ટીમમાં લોકલ સોસાયટી નોમીની તરીકે નરેન્દ્રસિંહ રાણા, પેરેન્ટ્સ નોમીની તરીકે દિલીપભાઈ દવે, ગુરુકુળ મહિલા કોલેજ હોસ્ટેલના એડવાઈઝર તરીકે પુષ્પાબેન જોશી, ઇન્ડસ્ટ્રીયાલિસ્ટ નોમિની તરીકે સમીરભાઈ તેજુરા, હેલ્થ એડવાઈઝર નોમીની તરીકે ડો. મિલનભાઈ વસાવડા અને એમીનેન્ટ એલ્યુમની નોમીની તરીકે ડો. ઈલાબેન થાનકી ફરજ બજાવે છે. આ તમામ આઈ.ક્યુ.એ.સી. મેમ્બર્સ નેકની શિડ્યુલ્ડ મિટિંગમાં સતત નિષ્ઠાપૂર્વક હાજર રહેલા અને નેકના વિદ્વદ્જનો સાથે થયેલી ચર્ચા વિચારણામાં તેઓએ એક્ટિવ પાર્ટીસિપેશન કરેલું. આ ઉપરાંત નેક પિયર ટીમ વિઝીટ અંતર્ગત યોજાયેલ પેરેન્ટ્સ મિટિંગમાં વિદ્યાર્થીનીઓના માતા-પિતા-વાલીઓ બહોળી સંખ્યામાં હાજર રહેલા. નેક પિયર ટીમ મેમ્બર્સે પૂછેલા દરેક સવાલોના ખૂબ પ્રમાણિકતાથી જવાબ આપેલા તેમજ સંસ્થાની પ્રગતિને અનુલક્ષીને સૂચનો કરેલા. તેઓએ કોલેજમાં થતી શૈક્ષણિક તેમજ ઈત્તર પ્રવૃત્તિઓના વખાણ કરેલા. જે નેક વિઝીટ અંતર્ગત ખૂબ નોંધપાત્ર બાબત છે.

એલ્યુમના મીટ એટલે કે ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન. આ નેકનું ખૂબ મહત્વનું પાસું છે, જે અંતર્ગત ગુરુકુળ કોલેજમાં ૧૯૭૫ થી માંડીને ૨૦૨૩ સુધીમાં અભ્યાસ કરી ચૂકેલી ઘણી વિદ્યાર્થિનીબહેનો નેક પિયર ટીમ વિઝીટનાં દિવસે હાજર રહેલ. જે પોતાનામાં જ એક વિશિષ્ટતા ગણી શકાય. વધારામાં તેઓએ નેક પિયર ટીમે પૂછેલા પ્રશ્નોના સચોટ રીતે અને સચ્ચાઈપૂર્વકના જવાબ આપેલા અને કોલેજના વિકાસ માટે અમુક સુચનો કરેલા. જેનાથી નેક પિયર ટીમ પણ ખુબ જ અભીભૂત થયેલી.

આઈ.ક્યુ.એ.સી. મેમ્બર્સ, પેરેન્ટ્સ તેમજ એલ્યુમના કે જેઓએ નેક પિયર વિઝીટ સમયે પોતાનો અમૂલ્ય સમય કોલેજ માટે ફાળવ્યો તે માટે કોલેજના બૃહદ પરિવારે તેઓના આ સાથ સહકાર માટે આભાર માનેલો.

નેક વિઝીટ અંતર્ગત તજજ્ઞોએ વિદ્યાર્થીનીઓ સાથે પણ મુલાકાત લીધેલી. આ સ્ટુડન્ટ્સ મીટમાં વિદ્યાર્થીનીઓને કોલેજમાં થતી શૈક્ષણિક તેમજ ઈત્તર પ્રવૃત્તિઓ, કોલેજમાં આપવામાં આવતી સુવિધાઓ અને કોલેજ કાર્યને લગતા પ્રશ્નો પૂછવામાં આવેલા, જેમાં વિદ્યાર્થીનીઓએ ખૂબ સત્યનિષ્ઠાથી જવાબ આપેલા.

નેક વિઝીટના પ્રથમ દિવસના અંતિમ ચરણમાં પિયર મેમ્બર્સને સાંસ્કૃતિક કાર્યક્રમની ઝલક આપવામાં આવેલી, જેમાં કાર્યક્રમની શરૂઆત ગુરુકુળ પરંપરા પ્રમાણે વેદ મંત્રથી કરવામાં આવેલી. ત્યારબાદ કુ. ચેતા ભોગાયતા । ગ્રુપે દેવી સ્તુતિ 'અય ગીરી નંદિની...' ભરતનાટ્યમના સ્વરૂપે રજૂ કરેલ. આ ક્લાસિકલ ડાન્સની તાલીમ ભરતનાટ્યમ એક્સપર્ટ મિસ કાશ્મીરાબેન દ્વારા અપાયેલ. ત્યારબાદ કુ. સીમા ઓડેદરા । ગ્રુપે નરસિંહ મહેતાનું ગાંધીજીને પ્રિય તેવું ભજન 'વૈષ્ણવ જન તો તેને રે કહીએ...' સમૂહ ગીતના રૂપે રજૂ કરેલ. પછી કુ. કૃતિકા દવે । ગ્રુપે દેશભક્તિસભર કુચગીત 'કંધો સે મિલતે હે કંધે...' રજૂ કરેલ. કુ. રાજી પરમાર । ગ્રુપે રામાયણ પર એક હૃદયસ્પર્શી માઈમ રજૂ કરેલ. ત્યાર પછી કુ. વિરલ રાણાવાયા । ગ્રુપ દ્વારા એક ઉર્જાસભર ગરબો 'રણછોડ રંગીલા...' રજૂ કરવામાં આવેલ. ત્યાર પછી કુ. રોશની ઓડેદરા । ગ્રુપે વિવિધ યોગ અને પિરામિડ યોગ ગીતના તાલે રજૂ કરેલ. પછી કુ. કિંજલ ઓડેદરા । ગ્રુપે પોરબંદરની લોક સંસ્કૃતિને ઉજાગર કરતો મહેર રાસ રજૂ કરી સૌને અભિભૂત કરેલ. સાંસ્કૃતિક કાર્યક્રમના અંતમાં કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીનીઓએ કોલેજ થીમ સૉંગ 'હમારી ગુરુકુળ મહિલા કોલેજ...' રજૂ કરી સૌને મંત્રમુગ્ધ કરેલ. કાર્યક્રમની પૂર્ણાહુતિ ગુરુકુળ પરંપરા મુજબ શાંતિ પાઠથી થયેલ. આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં કુલ ૮૧ જેટલી વિદ્યાર્થીનીઓએ ભાગ લીધેલ. સાંસ્કૃતિક કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન કુ. વેદાંશી જોશીએ કરેલ. આ કાર્યક્રમને સફળ બનાવવામાં નેક કો-ઓર્ડીનેટર પ્રો. રોહિણીબા જાડેજા, કો-કોઓર્ડીનેટર ડો. કેતકીબેન પંડ્યા, ડો. શાંતિબેન મોઢવાડિયા, કુ. અમી પઢીયાર, કુ. અદિતિ દવે, કુ. શેફાલી ટીંબા તેમજ સેમેસ્ટર - ૫ ની પ્રતિનિધિ વિદ્યાર્થીનીઓ કુ. રાજી પરમાર, કુ. ભાવિશા કાગડા, કુ. ખુશી જોશી વગેરેએ જહેમત ઉઠાવી હતી.

# Press Report



સિટી ખબર જગત 03 તા.30-07-2024, મંગળવાર khabarporbandar@gmail.com

# ગુરૂકુલ મહિલા કોલેજમાં નેક પીયર ટીમની વિઝીટ

## રાષ્ટ્રીય મુલ્યાંકન તથા પ્રત્યાયન પરિષદ કોલેજોની ગુણવતા તપાસનાર મહત્વની સંસ્થા

**ખબરપત્રી**
**પોરબંદર**

રાષ્ટ્રીય મુલ્યાંકન તથા પ્રત્યાયન પરિષદ એ કોલેજોની ગુણવત્તા તપાસનાર એક સંસ્થા છે. હાલમાં જ ગુરુકુળ મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં નેક પિયર ટીમે મુલાકાત લીધી.

રાજરત્ન શ્રેષ્ઠી નાનજીભાઈ કાલિદાસ મહેતા આર્ય કન્યા વિદ્યાલય ટ્રસ્ટ સંચાલિત ગુરુકુળ મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં તાજેતરમાં જ નેક પિયર ટીમની મુલાકાતનું આયોજન થયેલું, જેમાં તજજ્ઞો તરીકે મહારાષ્ટ્રથી ડૉ. મિલિન્દ પાંડે સર, ઉત્તર પ્રદેશથી ડૉ. સૌરભ શ્રીવાસ્તવ સર અને આસામથી ડૉ. ભૂષણચંદ્ર પાઠક સર પધારેલા.

પ્રથમ દિવસે પધારેલ નેક પિયર ટીમનું એન.સી.સી. એ.એન.ઓ. ડૉ. શર્મિષ્ઠા પટેલ મેડમના માર્ગદર્શન હેઠળ એન.સી.સી. કેડેટ્સ દ્વારા બેન્ડ, માર્ચ પાસ્ટ અને સેલ્યુટ સાથે ઉષ્માભેર સ્વાગત કરાયેલ. જેમાં એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. રાજેન્દ્ર ચૌધરી સરના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. વોલંટીયર્સ પણ જોડાયેલ. ત્યારબાદ તેઓનું કોલેજના સ્ટુડન્ટ્સ કાઉન્સિલના પ્રેસિડેન્ટ કુ. રાજી પરમાર તેમજ વાઈસ પ્રેસિડેન્ટ કુ. ભાવિશા કાગડા દ્વારા કુમકુમ તિલકથી સ્વાગત કરાયેલ.

નેક પિયર ટીમ વિઝીટના પ્રથમ દિવસના પ્રથમ ચરણમાં પિયર મેમ્બર્સે સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ. અનુપમ નાગર સર સાથે બેઠક કરી તેઓનું પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન નિહાળેલ અને તે અંતર્ગત ઉંડાણપૂર્વકની ચર્ચા-વિચારણા કરેલી. ત્યારબાદ નેકના પ્રથમ ક્રાઈટેરિયન કરિક્યુલર આસ્પેક્ટ્સ અંતર્ગત દરેક હેડ ઓફ ધ ડીપાર્ટમેન્ટ તેમજ ફેકલ્ટી મેમ્બર્સ સાથે મિટિંગ કરી દરેક વિભાગની પી. પી. ટી. મારફત માહિતી મેળવેલ, પ્રશ્નોત્તરી કરેલ તેમજ સમધારા તેમજ સ્ટડી સર્કલ સંદર્ભે તૈયાર કરેલ રજીસ્ટર્સ અને ફાઈલ્સનું અવલોકન કરેલ. પ્રથમ ક્રાઈટેરિયનનું સંયોજન ડૉ. નયન ટાંક સરે કરેલું. ત્યાર પછી દ્વિતિય ક્રાઈટેરિયન ટિચિંગ, લર્નિંગ એન્ડ ઇવેલ્યુએશન અંતર્ગત તજજ્ઞ એ બ્યુટી એન્ડ વેલનેસ લેબોરેટરી, સુઈંગ મશીન ઓપરેટર લેબોરેટરી, ફૂડ એન્ડ ન્યુટ્રીશન લેબોરેટરી, કમ્પ્યુટર સાયન્સ લેબોરેટરી તેમજ ડિજિટલ ઈંગ્લિશ લેંગ્વેજ લેબોરેટરીની મુલાકાત લીધેલી. ભોજન સમયે તેઓએ ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના પ્રતિનિધિ ડૉ. ભાવસિંહજી ડોડીયા તેમજ ટ્રસ્ટના એડમિનિસ્ટ્રેટર અમિતભાઈ ભટ્ટ સાથે મુલાકાત કરેલી. ભોજન બાદ તેઓએ ગુરુકુળ પરિસરમાં આવેલ ભોજનાલય, ડિસ્પેન્સરી, પ્રાર્થના મંદિર, શાંતિકુટીર, તારામંદિર, ભારત મંદિર, રાજવાડી તેમજ ગૌશાળાની મુલાકાત લીધેલ. દ્વિતીય ક્રાઈટેરિયનનું સંયોજન ડૉ. જયેશ ભટ્ટ સરે કરેલું. તૃતિય ક્રાઈટેરિયન રિસર્ચ, ઇનોવેશન્સ એન્ડ એક્સ્ટેંશન અને ચતુર્થ ક્રાઈટેરિયન ઇન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ લર્નિંગ રિસોર્સિસ અંતર્ગત તજજ્ઞોએ રિસર્ચ ઈન્ક્યુબેશન સેન્ટર, સેન્ટ્રલ લાઈબ્રેરી, પોસ્ટર એક્ઝિબિશન તેમજ આર્ટ ગેલેરી કે જેમાં ચાર્ટ એક્ઝિબિશન, પ્રોજેક્ટ વર્ક્સ એક્ઝિબિશન વગેરે, ફિઝિકલ ફેસીલીટીઝમાં કેન્ટીન, એન.સી.સી. તેમજ એન.એસ.એસ. રૂમ, સ્પોર્ટ્સ રૂમ તથા પ્લેગ્રાઉન્ડની મુલાકાત લીધેલ. તૃતીય ક્રાઈટેરિયનનું સંયોજન ડૉ. શાંતિ મોઢવાડિયા મેડમ તેમજ ચતુર્થ ક્રાઈટેરિયનનું સંયોજન ડૉ. શર્મિષ્ઠા પટેલ મેડમે કરેલું. પાંચમા ક્રાઈટેરિયન સ્ટુડન્ટ સપોર્ટ એન્ડ પ્રોગ્રેશન અંતર્ગત પિયર મેમ્બર્સે કોલેજની ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓ (એલ્યુમના) તેમજ પેરેન્ટ્સ સાથે ઈન્ટરેક્શન કરેલું. પાંચમા ક્રાઈટેરિયનનું સંયોજન પ્રો. શોભના વાળા મેડમે કરેલું. પછીથી નેકના છઠ્ઠા ક્રાઈટેરિયન ગવર્નન્સ, લીડરશીપ એન્ડ મેનેજમેન્ટ અંતર્ગત તજજ્ઞોએ ઈન્ટર્નલ ક્વોલિટી એશ્યોરન્સ સેલ (આઈ.ક્યુ.એ.સી.)ના કો-ઓર્ડીનેટર પ્રો. રોહિણીબા જાડેજાનું પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન નિહાળેલું તેમજ આઈ.ક્યુ.એ.સી. મેમ્બર્સ સાથે ચર્ચા-વિચારણા કરેલી. છઠ્ઠા ક્રાઈટેરિયનનું સંયોજન ડૉ. કેતકી પંડ્યા મેડમે કરેલું. ત્યારબાદ તેઓએ કોલેજના એડમીન સ્ટાફ અને પછીથી વિદ્યાર્થીનીઓ સાથે ઈન્ટરેક્શન કરેલું. ત્યારપછી કોલેજની વિદ્યાર્થીનીઓ દ્વારા તૈયાર કરાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમની ઝલક અપાયેલ. પ્રથમ દિવસની મુલાકાતના અંતે તેઓએ ટીચિંગ સ્ટાફ સાથે વાર્તાલાપ કરી તેઓના અભિપ્રાયો તેમજ સૂચનોની આપ-લે કરેલી.

બીજા દિવસના પ્રથમ ચરણમાં તજજ્ઞોએ નેકના સાતમા ક્રાઈટેરિયન ઇન્સ્ટિટ્યૂશનલ વેલ્યુસ એન્ડ બેસ્ટ પ્રેક્ટિસીઝ અંતર્ગત કરીથી કોલેજની ફિઝિકલ ફેસીલીટી જેવી કે, સેફટી એન્ડ સિક્યુરિટી (ફાયર સેફટી । સી.સી.ટી.વી.) રેમ્પ એન્ડ વ્હીલ ચેર, સોલાર પેનલ, રેઈન વોટર હાર્વેસ્ટિંગ, વોટર મેનેજમેન્ટ સિસ્ટમ વગેરે જેવી ફિઝિકલ ફેસીલીટીઝનું બારીકાઈથી નિરીક્ષણ કરેલ અને અલગ અલગ કમિટીઝ તેમજ સેલ્સના કોઓર્ડીનેટર્સ સાથે ઈન્ટરેક્શન કરેલ. સાતમાં ક્રાઈટેરિયનનું સંયોજન પ્રો. રોહિણીબા જાડેજાએ કરેલ. દ્વિતીય ચરણમાં નેક એક્સપર્ટ્સ - ચેર પર્સન સર, મેમ્બર કો-ઓર્ડીનેટર સર તેમજ મેમ્બરે વિગતવાર ચર્ચા વિચારણા કરી રિપોર્ટ રાઈટીંગ કરેલ. જેમાં નેક-ઓફિસર ઓન સ્પેશિયલ ડ્યુટી તરીકે નિમણૂંક કરાયેલ કુ. અદિતી દવેએ મુખ્ય ભૂમિકા નિભાવી. ત્યારબાદ તેઓએ કોલેજના પ્રિન્સિપાલ અને આઈ.ક્યુ.એ.સી. કો-ઓર્ડીનેટર સાથે વિચાર-વિમર્શ કરેલ. નેક પિયર ટીમ વિઝીટના અંતિમ ચરણમાં એક્ઝિટ મીટીંગનું આયોજન થયેલું. જેમાં સૌપ્રથમ નેક કો-ઓર્ડીનેટર પ્રો. રોહિણીબા જાડેજાએ સૌનું શાબ્દિક સ્વાગત કરેલું અને પ્રિન્સિપાલ ડૉ. અનુપમ નાગર સરે સર્વે પીયર મેમ્બર્સનું સુતરમાળાથી સ્વાગત કરેલ. ત્યારબાદ વિદ્વજ્જનો ડૉ. પાંડે સર, ડૉ. શ્રીવાસ્તવ સર અને ડૉ. પાઠક સરે કોલેજના સર્વે અધ્યાપકશ્રીઓ તેમજ વિદ્યાર્થીનીઓ સમક્ષ પ્રિન્સિપાલ શ્રી, નેક કો-ઓર્ડીનેટર તેમજ કો-કોઓર્ડીનેટરને નેક રીપોર્ટ હેન્ડ ઓવર કર્યો. પછીથી તેઓએ ગુરુકુળ મહિલા કોલેજ પરિવાર સમક્ષ પોતાના [illegible] અભિપ્રાયો રજૂ [illegible] વર્ષોનો રેક[illegible] નેક કો-કો[illegible] પંડ્યા મેડમે સં[illegible] કરેલ. કોલેજના આ રાષ્ટ્રીય મૂલ્યાંકન અને પ્રત્યાયન કાર્યને સફળ બનાવવામાં કોલેજના પ્રિન્સિપાલ ડૉ. અનુપમ નાગર સરનું માર્ગદર્શન મળેલ અને નેક કો-ઓર્ડીનેટર પ્રો. રોહિણીબા જાડેજા મેડમ, ટ્રસ્ટના એડમિનિસ્ટ્રેટર શ્રી અમિત ભટ્ટ સર, કો-કોઓર્ડીનેટર કેતકી પંડ્યા મેડમ, પ્રો. શોભના વાળા મેડમ, નેક ઓ.એસ.ડી. અદિતિ દવે અને પારુલ શુક્લા ઉપરાંત સર્વે ટીચિંગ સ્ટાફ, નોન-ટીચિંગ સ્ટાફ તેમજ ચતુર્થ વર્ગના કર્મચારીઓ, પ્રતિનિધિ વિદ્યાર્થીનીઓએ જહેમત ઉઠાવેલી.

3

# Press-Reports






NAMASTE